## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

### આજે રાશિ વૃષભ

**આજના ગ્રહોની કુંડળી**

| | | |
|---|---|---|
| ૩ | ૨ ચંદ્ર | ૧ |
| ૪ | | ૧૨ - સૂર્ય |
| વક્રી ગુરુ રાહુ ૫ | ૮ શનિ મંગળ | ૧૧ કેતુ બુધ શુક્ર |
| ૬ | | ૧૦ |
| ૭ | | ૯ |

**શુભ કાર્યોનો નિષેધ છે. આજે ચાંડાલ યોગ છે. આજે રાત્રે આઠ કલાકે ચંદ્ર મીથુન રાશિમાં પ્રવેશ કરશે. મીનારક કમૂરતાં ચાલે છે. હોળાષ્ટક પ્રારંભ. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** બારમે સૂર્ય આવે છે જે તમોને ખોટા ખર્ચા કરાવશે - જાનના ઉઠતા તરંગો મુજબ વર્તશો તો ખોટના ખાડામાં પડશો તેથી તરંગો પર કાબૂ રાખી ધીરજ રાખી સમય પસાર થવા દઈને આગળ વધવું.

**વૃષભ** આજે તરંગીપણું રહેવા દેશો તો ફાવશો નહિં તો ચંદ્રની અસરો હેઠળ આપના તરંગો સાકાર કરવા માટે આપને આજે ખોટા ખર્ચના ખાડામાં ઉતરી જવું પડશે. સંતાનો અંગે કાળજી રાખવી.

**મિથુન** આપની રાશિમાં આજે ચંદ્ર પ્રવેશતો હોવાથી આજે રાત્રે આઠ પછીથી આપને સારા વિચારો આવશે. કાંઈક નવું કરવાની ઈચ્છાઓ - તમન્નાઓ જાગે જેનો અમલ કરવાથી આપને ચોક્કસપણે લાભ થશે.

**કર્ક** પાંચમે સ્વગૃહી મંગળ - શનિ તમારા સંતાનો તરફથી પ્રશ્નો ઊભા કરી શકે છે. સંતાનો લડી - ઝઘડા કરીને આવી શકે છે - સંતાનો સાથે પ્રેમપૂર્વક વર્તશો નહીં તો તમારે માટે નવા પ્રશ્નો ઊભા થઈ શકે છે.

**સિંહ** ગુરુ - સૂર્યનો એકબીજાના ઘરમાં પ્રવેશ - જેથી બંને ગ્રહનું ઉચ્ચત્વ - હોઈ તમારે આઠમે સૂર્યથી પણ ડરવાની જરૂર નથી. મીનારક - કમૂરતાં - હોળાષ્ટક - વિગેરે તમોને મહદ્ અંશે નડશે નહીં - સાવધ રહેશો.

**કન્યા** સાતમે સૂર્ય દુ:સાહસ ન કરાવે તે જોશો. ત્રીજે મંગળ - શનિની યુતિ ખોટા વિચારો લાવશે માટે કોઈપણ સાહસ કરતાં વિચાર કરશો નહિ તો પસ્તાવાનો પાર નહીં રહે - સાવધાની રાખશો.

**તુલા** પાંચમે બુધ શુક્રનો ગુરુમાં પ્રતિયુતિ આપને આપના સંતાનો તરફથી સંપૂર્ણ સહકાર પ્રેમ, હૂંફ આપશો - આપના બાળકોના તેજસ્વીપણા અને આપ ઓળખાશો - દિવસ આનંદમાં જશે.

**વૃશ્ચિક** રાશિપતિ રાશિમાં છે - લડાયક સ્વભાવનો પરચો દેખાડે - ક્રોધ - ગુસ્સો વધારે લાવે - શનિ સાથેની યુતિ છે જે ડરપોકપણું લાવે - ચોથે બુધ - શુક્રની યુતિ અણધાર્યો લાભ અપાવે - શાંતિ રાખી વર્તવું.

**ધન** ચોથે સૂર્ય - બારમે મંગળ - શનિની યુતિ તથા બીજે કેતુ - આમ બધા પાપગ્રહો સારા સ્તાનોમાં નથી તેથી બહુ જ સાવધાનીથી આખો દિવસ પસાર કરવો - શાંતિ રાખવી - ઝઘડા ન કરવા.

**મકર** આઠમે રાહુ - ત્રીજે સૂર્ય શારીરિક ઝઘડામાં ઈજાગ્રસ્ત બનાવે તેવા યોગ છે - ખાસ મિત્રો જોડે વાદવિવાદ થાય. ન બોલવાનું બોલાઈ જાય તેથી વાણી - વર્તન પર સંયમ રાખી સાવચેતીપૂર્વક દિવસ પસાર કરવો.

**કુંભ** રાશિમાં બુધ - શુક્ર - કેતુની ગુરુથી દ્રષ્ટ યુતિ હોઈ તમારો આખો દિવસ સંયમપૂર્વક સારી રીતે પસાર થઈ જશે - આનંદમાં તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓમાં દિવસ પસાર કરશો - કુટુંબ સાથે જ રહેજો.

**મીન** રાશિમાં સૂર્ય આવેલ છે તેથી હવે શરદી - સળેખમ - કફ - ઉધરસ વિગેરેથી મુક્તિ મળશે - બે ત્રણ દિવસમાં તંદુરસ્તી પાછી પ્રાપ્ત થવાના યોગ છે - આર્થિક લાભ ભાગ્ય યોગ થવા સંભવ છે.

# મોડાસા નગરની ટ્રાફિક સમસ્યા દૂર

મોડાસા નગરમાં ટ્રાફિક સમસ્યા હાલ માર્ગો પરથી શાકભાજી સહિતની લારી-ગલ્લાઓ નગરપાલિકા દ્વારા હટાવી લેવાતા ખુલ્લા બનેલા માર્ગોથી નગરજનો ખુશી અનુભવી રહ્યા છે. જ્યારે દર રવિવારે માર્ગો ઉપર ભરાતી ગુર્જરી (રવિવાર)ને ટાઉનહોલમાં ખસેડાતા અભિયાનને આવકાર મળ્યો હતો.

મોડાસા નગર ટ્રાફિક સમસ્યાથી પીડાઈ રહ્યું છે. જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામા છતાં બસ સ્ટેન્ડ એરીયામાં પાર્ક થતાં ખાનગી વાહનો કે નગરમાંથી પુરઝડપે દોડતા ભારે વાહનો બંધ કરવા સુદ્ધાની તંત્ર દરકાર કરતું નથી. ત્યારે નગરપાલિકા દ્વારા માર્ગ ઉપર ઉડચણરૂપ તમામ લારી-ગલ્લા હટાવી નવીન શાકમાર્કેટ ઉભું કરાયું છે. તેમજ દર રવિવારે ચાર રસ્તાથી બસ સ્ટેન્ડ વચ્ચે માર્ગ ઉપર ભરાતી ગુર્જરી (રવિવાર)ને પણ પાલિકા પ્રમુખ અને મુખ્ય અધિકારીએ ટાઉનહોલ નીચેની ખુલ્લી જગામાં ખસેડતા નગરજનોમાં રાહત વર્તાઈ હતી. ગુજરીના વેપારીઓએ ફાળવાયેલી જગા ઉનાળુ-ચોમાસુ સીઝન માટે પણ અનુકૂળ હોવાનું જણાવી આનંદની લાગણી વ્યક્ત કરી હતી.



**રવિવારે દુકાનો ચાલુ રાખતા ૪૫ વેપારીઓને નોટીસો**

નગરપાલિકાના ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા રવિવારે ચેકીંગ હાથ ધરાયું હતું. ચેકીંગ દરમિયાન રવિવારે રજા જાહેર કરી હોવા છતાં વેપાર-ધંધા ચાલુ રાખનાર ૪૫ વેપારીઓને નોટીસ ફટકારાઈ હતી.

## ટ્વિસ્ટ કરીને ..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરીને પુછાતા વિદ્યાર્થીઓને મુંઝવણ થઈ હતી. જેમાં જોડકા અને વિકલ્પો વધુ અઘરા લાગ્યા હતા. વિષય નિષ્ણાંત નટુભાઈ પટેલે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સમાજ વિજ્ઞાનનુ પેપર પાઠયપુસ્તક આધારિત હતુ પરંતુ ટવિસ્ટ કરીને પુછાયેલા પ્રશ્નોના લીધે વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. બી વિભાગમાં વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ પ્રશ્નો પુછાયા હતા. જો કે ૨૨ જેટલા એમ સી ક્યુ ફેરવીને પુછાતા વિદ્યાર્થીઓને સમય ઓછો પડયો હતો. જેથી ધારેલા ગુણ મેળવવાનુ અઘરુ બન્યુ હતુ. સમાજ વિજ્ઞાનના પેપરમાં ૨૪૭૭૪ પૈકી ૪૬૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં પણ વાણિજ્ય સંચાલન વિષયની પરિક્ષામાં ૫૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ધોરણ-૧૨ આજે અંગ્રેજી વિષયની પરિક્ષા લેવાઈ હતી. અંગ્રેજીમાં ટપાલ ખાતાની ભુલના લીધે ઈન્ટરવ્યુ કોલ મોડો મળવા અંગે પત્ર તેમજ સેટેલાઈટ સર્વિસ અને સમય અને ભરતી કોઈની રાહ જોતા નથી તે અંગે નિબંધ પુછાયો હતો. વિષય નિષ્ણાંત મૌલિક શુકલએ જણાંવ્યુ હતુ કે પેપર સરળ અને પાઠયપુસ્તક આધારિત હતુ. ૧૨૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા.જયારે અંગ્રેજી પ્રથમ ભાષામાં નોંધાયેલા ૧૩૮૦ પૈકી ૩૬ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી.

## બાળકના મોત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થાનિકોએ ફાયરને જાણ કરી હતી. ત્યારબાદ ફાયર અને પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ફાયરે ત્રણેયની શોધખોળ હાથ ધરતાં મૃતદેહ મળી આવ્યા હતા.

## ૧૨મીથી પરીક્ષાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધો. ૩ થી ૫ના પ્રજ્ઞા વર્ગના બાળકો માટે અલગ પ્રશ્નપત્રો રહેશે.

શિક્ષણ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મૂલ્યાંકનનું પરિણામ ૩૦ મી એપ્રિલે જાહેર કરી દેવાશે. આ પરીક્ષા ઓક્ટો. થી એપ્રિલ દરમ્યાન અપાયેલ શિક્ષણને આધારે લેવાશે. જિલ્લાની પ્રા. શાળામાં સવાલાખ બાળકો હાલ અભ્યાસ કરી રહ્યા છે. પરીક્ષા સમિતિએ પણ આ અંગેની તૈયારીઓ આરંભી દીધી છે અને દરેક શાળાને એપ્રિલના પ્રથમ સપ્તાહના અંત સુધીમાં પરીક્ષાને લગતા પ્રશ્નપત્રો અને અન્ય સાહિત્ય આપી દેવામાં આવશે.

## રસ્તાનું નિર્માણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમક્ષ અનેકવખત રજુઆતો કરવા છતા તંત્ર દ્વારા રસ્તાનુ કામ હાથ ધરવાની દરકાર લેવાઈ ન હતી. જેના પરિણામે છેલ્લા એક વર્ષથી યાત્રિકોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. ટુંક સમયમાં રેલવેના ડિવિઝનલ મેનેજર સ્ટેશન વિસ્તારની મુલાકાત લેવાના હોવાથી તુટેલા રસ્તાના મામલાને ગંભીરતાથી લેવામાં આવ્યો હતો. જેને અનુલક્ષી તાત્કાલિક અસરથી રેલવે તંત્ર દ્વારા રેલવે સ્ટેશન તરફ જવાના રસ્તાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ.

## અજવાળું અજવાળું

● ૪ પાનાનું ચાલુ...

થયા એવા સમયે જેનું કયારેય જાહેર સન્માન નથી થયું એવી કલ્પના જેવી અનેક સ્ત્રીઓનું સહજ સ્મરણ થયું.

પરિવાર પર આવી પડેલ મુશ્કેલીના સમયે સ્વાભિમાન અને સાહસ સાથે જિંદગીમાં આવી પડેલી દુર્ઘટનાઓનો સામનો કરનાર, બાળકોમાં સંસ્કાર સિંચનાર અને મક્કમ મનોબળ થકી પરિવારને ફીનીક્સ પંખીની જેમ બેઠો કરનાર ગૃહિણીઓ સમાજનું ગૌરવ છે.

શીલ અને સૌંદર્ય, સદ્ગુણ અને સદ્વિદ્યા, સમજણ અને સુઝ, સાહસ અને સ્વાભિમાન જેવા ગુણો એ પરમપિતા પરમેશ્વરે સ્ત્રીને આપેલા સદ્ગુણો છે. આપણી આસપાસ આવા અનેક સ્ત્રી પાત્રો જીવતા હશે જેમણે પરિસ્થિતિ ગમે તેટલી વિકટ આવી હોય, હિંમત અને ધીરજથી નિયત લક્ષ તરફ ગતિ કરીને સફળતા મેળવી જ છે.

તાજેતરમાં રિલીઝ થયેલી અને અભિનેત્રી સોનમ કપુરના અભિનયના કારણે વખણાયેલી ફિલ્મ 'નિરજા' માં સંવેદન અને સાહસથી ભરપૂર સ્ત્રીની કથા રજુ થઈ છે.

સ્ત્રીઓના સ્વભાવ-સદ્ગુણ અને સાહસની અનેક વાતો કથાઓ - કલ્પનાઓ અને કાવ્યોમાં પ્રસ્તુત થતી રહી છે. આ જ વાતને પોતાના પાત્ર કે ભૂમિકા દ્વારા જયારે કોઈ સ્ત્રીને સાંગોપાંગ જીવંત કરતી જોઈએ ત્યારે એવા વ્યક્તિત્વોના કર્મો થકી આસપાસ અજવાળા અજવાળા રેલાય છે.

***તેજપુજ :***

**પુરુષના તર્ક કરતાં
સ્ત્રીની અંતઃસ્ફુરણા પર
હું વધારે વિશ્વાસ રાખુ.**

**- સ્ટેનલી બાલ્ડવીન**

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ શાળાઓમાં ગાંધીનગર જિલ્લામાં ૭ સરકારી શાળા, ૧૯૨ ગ્રાન્ટેડ અને ૧૦૫ નોનગ્રાન્ટેડ મા. શાળા કાર્યરત છે.

જ્યારે ૬૨૮ સરકારી પ્રા. શાળા, ૮૨ ગ્રાન્ટેડ પ્રા. શાળા અને ૩૦૭ નોન ગ્રાન્ટેડ પ્રા. શાળાઓ કાર્યરત છે.

મંત્રીશ્રી ચુડાસમાએ સભ્યશ્રીના પુરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં ૮૬ પ્રા. શાળાઓને અને ૧૨ મા. શાળા ખાનગીને મંજૂરી આપવામાં આવી છે.

**● ખાદ્યતેલનું વિતરણ**

ભાજપના ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલ ગાંધીનગર જિલ્લામાં રાહતદરે ખાદ્યતેલનું વિતરણ કેટલુ કરાયુ તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં વર્ષના બે તહેવારો દરમ્યાન રાહતદરે કપાસીયા તેલના ૧ લીટરના કુલ ૧,૨૦,૬૭૭ પાઉચના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું છે.

સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે સરેરાશ ૬૦,૩૩૯ લાભાર્થી કુટુંબોને આ વિતરણ પ્રતિ રૂ. ૪૩ના દરે કરવામાં આવ્યું છે.

સભ્યશ્રી પટેલે પુછેલા એક અન્ય પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે રાજ્ય સરકારે ગાંધીનગર જિલ્લા માટે રૂ. ૩૫,૯૬,૦૬૧ની સબસીડીનો બોજ ઉઠાવી રાહત દરે આ તેલનું વિતરણ કર્યું છે.

**● જિલ્લામાં શિક્ષકોની ઘટ**

ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રા. શાળાઓમાં શિક્ષકોની ઘટ અંગે કોંગીના શ્રીમતિ કામિનીબા રાઠોડે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ધો. ૧ થી ૫માં પ્રા. શિક્ષકોની ૩૬ જગ્યાઓ ખાલી છે.

પ્રા. શાળાઓમાં ધો. ૧ થી ૫ના મંજૂર થયેલ મહેકમ સામે ગાંધીનગરમાં ૭, દહેગામમાં ૬, માણસામાં ૬ અને કલોલમાં ૧૭ જગ્યાઓ ખાલી છે.

જ્યારે ધો. ૬ થી ૮માં ગણિત વિજ્ઞાન વિષયના ૪૪ શિક્ષકો, ભાષાના ૩૬ સામાજિક વિજ્ઞાનના ૪૦ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. ગણિત વિજ્ઞાનના શિક્ષકોની ગાંધીનગરમાં ૧૯ જગ્યાઓ, દહેગામમાં ૧૪ જગ્યાઓ, માણસામાં ૪ જગ્યાઓ અને કલોલમાં ૭ જગ્યાઓ ખાલી છે. ભાષાના શિક્ષકોની ગાંધીનગરમાં ૧૨ જગ્યા, દહેગામમાં ૧, માણસામાં ૧ અને કલોલમાં ૧૧ જગ્યાઓ ખાલી છે. સામાજિક વિજ્ઞાનના વિષયમાં ગાંધીનગરમાં ૧૩, દહેગામમાં ૧૮, માણસામાં ૩ અને કલોલમાં ૬ જગ્યા ખાલી પડેલી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે મુખ્ય શિક્ષકોની ગાંધીનગરમાં ૪, દહેગામમાં ૧૩, માણસામાં ૮ અને કલોલમાં ૧૪ મળી કુલ ૩૯ જગ્યાઓ ખાલી પડી છે. આ જગ્યાઓ ૩૧-૮-૧૫થી ખાલી પડી હોવાનું પણ મંત્રીશ્રીએ જણાવી ઉમેર્યું છે કે ભરતી કેલેન્ડર મુજબ ઓછી ખાલી જ્યાઓ પર ભરતી કરવાથી આ જગ્યાઓ ખાલી પડી છે અને બનતી ત્વરાએ તે ભરી દેવામાં આવશે.

**BANASKANTHA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD.**

BANAS DAIRY, P.B. No. 20, PALANPUR : 385 001(Gujarat)
Phone (02742) 253881 to 253885, Fax 252723,
website : www.banasdairy.coop

**Corrigendum**

In the Tender Advertisement of Banaskantha District Cooperative Milk Producers' Union Ltd., Banas Dairy, Palanpur published in Gandhinagar Samachar on 13.03.2016 on page No.7, the Date & Time for issuing Tender is wrongly published as 05.03.2016. Please read it as 15.03.2016.

**Managing Director**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર





**ગ્રામજીવન સદ્ધર...
સુવિધાઓ નક્કર...**

**ગતિશીલ ગુજરાતનો પ્રગતિશીલ વિકાસ**

- **મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના:** ગામડાંઓની વધશે બારેમાસ રોડ કનેક્ટીવિટી: ૩ વર્ષમાં રૂ.૧૦,૦૦૦ કરોડની માતબર રકમના રસ્તાના કામોનું આયોજન: નોન પ્લાન રસ્તાઓ અને નાળા માટે વિશેષ જોગવાઈ
- ગ્રામ પંચાયતોને મળશે ગામ વિકાસના કામો માટે રૂ.૧૪૬૦.૧૮ કરોડની ૧૪મા નાણાપંચની ગ્રાન્ટ
- રૂર્બન ગામોમાં પીવાનું શુદ્ધ પાણી, ગટર વ્યવસ્થા સુદ્રઢ બનાવવા રૂ.૨૨૩.૭૫ કરોડની જોગવાઈ
- સ્માર્ટ વિલેજ યોજના: વિકાસની નવી પરિભાષા સાથે ૩૦૦ ગામોને વિકસાવવા ત્રણ વર્ષ માટે વિશેષ સહાય: આ વર્ષે રૂ.૧૮૫ કરોડની ફાળવણી
- ગામડાંઓમાં ૯,૩૮,૮૪૬ શૌચાલયોનું નિર્માણ. સાત લાખ વ્યકિતગત શૌચાલયના બાંધકામ સહાય માટે રૂ.૮૨૪.૩૬ કરોડની જોગવાઈ





માહિતી ૨૦૧૫-૧૬ (૫૮-૧)

**"રાજ્યના દરેક ગામડાંઓમાં શ્રેષ્ઠતમ ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે."**

**શ્રીમતી આનંદીબેન પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Visit http://www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official www.twitter.com/infogujarat